બોટાદ જિલ્લામા મધ્યાહન ભોજન યોજના હેઠળ ૧૧ માસની કરાર આધારિત જગ્યા ભરવાની જાહેરાત

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જિલ્લા કક્ષાની કચેરીમાં ૧૧ માસના કરાર આધારિત ભરતી માટે નીચે મુજબની જગ્યા માટે અરજી આવકાર્ય છે.

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | માસિક મહેનાતાણુ |
|---|---|---|---|
| ૧ | જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર | ૧ (એક) | રૂ.૧૫,૦૦૦/- ફિકસ |

મધ્યાહન ભોજન યોજનામાં જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટરની ૧૧ માસના કરાર આધારિત ભરતી માટે પસંદગી કરવા માટે યોગ્ય લાયકાતો અને પુરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

શૈક્ષણિક લાયકાત, અનુભવ અને વય મર્યાદા:- (૧) માન્ય યુનિવર્સીટીમાંથી ૫૦% ગુણાંકન સાથેની સ્નાતક પદવી (૨) સરકાર માન્ય સંસ્થામાંથી સી.સી.સીની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.(૩) માન્ય યુનિવર્સીટીમાંથી એમ.સી.એ.ની ડીગ્રી વાળાને અગ્રીમતા આપવામાં આવશે.(૪)ડેટાએન્ટ્રી ઓપરેટર તરીકેનો ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ ફરજીયાત(૫)ડી.ટી.પી.ઓપરેટરનો અનુભવ આદર્શ ગણાશે.(૬)આસિસ્ટન્ટ તરીકેનો વહીવટી અનુભવ ધરાવનારને અગ્રીમતા આપવામાં આવશે.(૭)મધ્યાહન ભોજન યોજનાના અનુભવને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.(૮) અરજી કરવાની છેલ્લી તારીખે ઉંમર ૧૮ વર્ષથી ઓછી કે ૫૮ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

અરજી ફોર્મ તેમજ નિમણુંક માટેની લાયકાત અને શરતો અંગેની વધુ માહિતી જિલ્લા પુરવઠા અધિકારી, પી.એમ.પોષણ યોજનાની કચેરી, કલેકટર કચેરી, પ્રથમ માળ, સી-વીંગ, જિલ્લા સેવા સદન, ખસ રોડ, બોટાદ ખાતેથી તથા https://botad.nic.in/notice_category/recruitment/ પરથી મેળવી શકાશે.

નિયત નમુનામા જાહેરાત પ્રસિધ્ધ થયાના ૧૦ દિવસમાં અરજી રૂબરૂમાં, સાદી ટપાલ કે રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. નિયત સમય બાદ મળેલ અરજીઓ માન્ય ગણાશે નહિ.

અરજી કરતાં પહેલાં ઉમેદવારે આ જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વય મર્યાદા, અનુભવ, નિમણુંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સુચનાઓ/માર્ગદર્શિકા પહેલા વાંચી લેવી.

આ જગ્યા અંગેની પસંદગી યાદી જિલ્લા પુરવઠા,પી.એમ.પોષણ યોજના, બોટાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામા આવશે. મેરીટમા અગ્રતા મેળવેલ ઉમેદવારોના ઇન્ટરવ્યુ/પ્રમાણપત્રોની ચકાસણી માટે જિલ્લા પુરવઠા,પી.એમ.પોષણ યોજના,બોટાદ ધ્વારા લેખિત/ઇ-મેઇલ ધ્વારા જણાવવામા આવશે.

(પી.ટી.પ્રજાપતી) GAS
જિલ્લા પુરવઠા અધિકારી,
પી.એમ.પોષણ યોજના,
બોટાદ

સ્થળ- જિલ્લા પુરવઠા કચેરી,પી.એમ.પોષણ,બોટાદ

તા.3 /૦૧/૨૦૨૪

માહિતી/ભાવ/૧૧૦૪/૨૪